**શ્રીમતી રઝીયા એસ. પઠાણ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદ સમક્ષ**
**એપ્રુવલ અરજી નં.૮૭/૨૦૧૭ થી ૯૧/૨૦૧૭**
**ઈન**
**રેફરન્સ (આઈ.ટી.) નં.૨૧/૨૦૧૪**

**અરજદાર : આર. એમ. પી. બેરીંગ્સ પ્રા. લી.**
**મુ. પો. તા. રાણપુર,**
**જી. બોટાદ**

**વિરૂધ્ધ**

**સામાવાળા : ચંદુભાઈ શામજીભાઈ ,** એપ્રુવલ અરજી નં.૮૭/૨૦૧૭
**રેલ્વે સ્ટેશન સામે,**
**મુ.પો. રાણપુર, જી. બોટાદ**
**C/o ગુજરાત મઝદુર સભા,**
**મહારાણા પ્રતાપ બિલ્ડીંગ,**
**અમદાવાદ**

**વિજયસિંહ હસુભા પરમાર,** એપ્રુવલ અરજી નં.૮૮/૨૦૧૭
**આંબલીયા ચોરા પાસે,**
**મુ.પો. રાણપુર, જી. બોટાદ**
**C/o ગુજરાત મઝદુર સભા,**
**મહારાણા પ્રતાપ બિલ્ડીંગ,**
**અમદાવાદ**

**કુકાભાઈ રૂપાભાઈ** એપ્રુવલ અરજી નં.૮૯/૨૦૧૭
**ભરવાડ વાસ, નદી કાંઠે**
**મુ.પો. રાણપુર, જી. બોટાદ**
**C/o ગુજરાત મઝદુર સભા,**
**મહારાણા પ્રતાપ બિલ્ડીંગ,**
**અમદાવાદ**

**બસીરભાઈ હુસેનભાઈ** એપ્રુવલ અરજી નં.૯૦/૨૦૧૭
**કુંભારવાડાના નાકે, કોઠા ફળી,**
**મુ.પો. રાણપુર, જી. બોટાદ**
**C/o ગુજરાત મઝદુર સભા,**
**મહારાણા પ્રતાપ બિલ્ડીંગ, અમદાવાદ**

**જગદીશ દેહળભાઈ** એપ્રુવલ અરજી નં.૯૧/૨૦૧
**રેલ્વે સ્ટેશન સામે, શાહભાઈનઈ જીન પાછળ**
**મુ.પો. રાણપુર, જી. બોટાદ**
**૯/૦ ગુજરાત મઝદુર સભા,**
**મહારાણા પ્રતાપ બિલ્ડીંગ,**
અમદાવાદ

**બાબત : ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ−૩૩(૨) હેઠળ એપ્રુવલ અરજી.**

**હાજર રહયા : અરજદાર તરફે વિ.વકીલશ્રી : અનિલ એસ. પરીખ**
**સામાવાળા તરફે વિ.પ્રતિનિધિશ્રી : અમરીશ પટેલ**

**−: પ્રાથમિક મુદ્દાની અરજી હેઠળ હુ ક મ :−**

**૧.** આ કામના અરજદાર તથા સામાવાળા એક જ હોઈ અને દરેક અરજીઓમાં ઉપસ્થિત થયેલ કાયદાના તેમજ હકીકતના મુદ્દાઓ એક સરખા હોઈ સામાવાળા ધ્વારા એપ્રુવલ અરજી નં.૮૮/૨૦૧૭ ના કામમાં તથા અન્ય અરજીઓમાં જે પ્રાથમિક મુદ્દાની અરજી આપેલ છે તે તમામનો નામદાર હાઈકોર્ટે આપેલ ડાયરેકશનને ધ્યાનમાં લઈ એક સાથે ન્યાય નિર્ણય કરવામાં આવે છે.

**૨.** સામાવાળાએ અરજીમાં એવી રજુઆત કરેલ છે કે તેઓએ જવાબના પેરા−૧ માં જે પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે તે પ્રાથમિક મુદ્દાઓ ધ્યાને લેતાં અરજદાર કંપનીની ધી આઈ.ડી. એકટની કલમ−૩૩(૨) (બી) અન્વયેની અરજી પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ હોઈ આ પ્રાથમિક મુદ્દાનો ન્યાય નિર્ણય પ્રથમ કરવા અરજ છે.

**૩.** અરજદાર તરફે આંક−૧૮ થી સામાવાળાની પ્રાથમિક મુદ્દાની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે સામાવાળા

કામદાર દ્વારા એપ્રુવલ અરજીમાં જે વિગતો જણાવેલ છે તેને ધ્યાનમાં લઈને પ્રાથમિક મુદ્દાની અરજી આપવામાં આવેલ છે તે તમામ પ્રાથમિક મુદ્દાઓ એપ્રુવલ અરજી સાથે સાંકળીને સાથે ચલાવી શકે તેમ હોય તેમજ નામદાર સુપ્રીમ કોર્ટે ડી.પી. મહેશ્વરીના ચુકાદામાં આપેલ જજમેન્ટ મુજબ આવી પ્રાથમિક મુદ્દાની અરજી અલગથી સાંભળવાની નામદાર ઔદ્યોગિક ન્યાય પંચને કાયદેસર હકુમત ન હોઈ આ પ્રાથમિક મુદ્દાની અરજી શરુઆતથી જ કાયદેસર ચાલી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર છે. ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટના ડાયરેકશન મુજર એપ્રુવલ અરજીનો આખરી નિકાલ કરવાનો રહેતો હોઈ, પ્રાથમિક મુદ્દાની અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમની અવગણના કરનાર છે તેથી તે રદ થવાને પાત્ર છે.

અમારા ઉપરોકત પ્રાથમિક મુદ્દાને અરજીનો પેરાપાવઈજ્ઝ જવાબ નીચે મુજબ સાદર રજુ કરીએ છીએ.

સામાવાળા કામદાર દ્વારા એપ્રુવલ અરજીના લેખીત જવાબના પેરા–૧ ના પેટા પેરા–(એ), (બી), (સી) તથા (ડી) માં જણાવેલ મુદ્દાઓ ઉપસ્થિત કરી તે તમામ ધ્યાનમાં લઈ તે મુદ્દાના કારણસર અરજદાર કંપનીને આઈ.ડી. એકટની કલમ ૩૩(સી) (બી) અન્વયેની અરજી પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ છે અને તે જ દિવસે આપ નામદાર કોટૃ સમક્ષ રજુ કરેલ તે દિવસે જ તે પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ હોઈ તે મુદ્દો પ્રથમ નકકી કરવાની જે રજુઆત સામાવાળા કામદાર દ્વારા પ્રાથમિક મુદ્દાથી કરવામાં આવેલ છે તે કાયદેસર ટકી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર છે. સામાવાળા કામદાર દ્વારા એપ્રુવલ અરજીના લેખિત જવાબમાં પેરા–૧ માં જણાવેલ છે કે, અરજદારની એપ્રુવલ અરજી ઔદ્યોગિક તકરાર અધિનિયમની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન ન કરતા હોઈ સદર પારામાં જણાવેલ પ્રાથમિક મુદ્દાના કારણે કાયદેસર ચાલી શકે તેમ ન હોવાનું રજુઆત ખરી નથી.

(એ) સામાવાળા કામદાર ધ્વારા જવાબના પેરા–(૧) ના પેટા પેરા–(એ) માં જણાવ્યા મુજબ સામાવાળા કામદાર ગુજરાત મઝદુર સભાના યુનિટ કારોબારી હોદ્દેદાર હોવાની અરજદાર સંસ્થાને કોઈ માહીતી નથી તથા ગુજરાત મઝદુર સભા કે જે અરજદાર સંસ્થામાં રેકેગ્નાઈઝ યુનિયન નથી. સદર યુનિયને તા.૨૧–૯–૧૬ નારોજ ઔધોગિક તકરાર અધિનિયમની કમલ–૩૩(૪) તથા ગુજરાત નિયમો ૬૬ હેઠળ રક્ષિત શ્રમયોગી ગણવા લખેલ પત્ર અરજદાર કંપનીને તા.૨૬–૯–૨૦૧૬નારોજ મળવા છતાં સદર પત્રનો કંપનીએ આઈ.ડી. એકટ ૧૯૪૭ ની કલમ ૩૩(૪) અને નિયમ ૬૬ ની અવધિ (સમયમર્યાદા) માં કોઈ જવાબ આપેલ ન હોવાનું ખરું નથી. તથા સદર કામદાર ધ્વારા જે રક્ષિત શ્રમયોગીઓ ગણવા અરજ ગુજારેલ છે તે સ્વીકારવાનો ઈન્કાર કરેલ ન હોવાની રજુઆત ખરી નથી. અત્રે સ્પષ્ટતા કરવાની કે અરજદાર સંસ્થામાં આર.એમ.પી. મઝદુર સંઘ નામનું યુનિયન રેકેગ્નાઈજ યુનિયન છે તથા તેમના ધ્વારા દર વર્ષે રક્ષિત કામદાર જાહેર કરવા અંગે અરજદાર સંસ્થાને નોટીસ મળેલ છે તથા તે નોટીસના અનુસંધાને સંસ્થા ધ્વારા રક્ષિત કામદાર જાહેર કરવામાં આવેલ છે તથા આ હકીકતની સામાવાળા તથા યુનિયન સારી રીતે વાકેફ છે. તથા અરજદારના નિર્ણય સામે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર સામાવાળા કે યુનિયને લીધેલ નથી. આમ સામાવાળા કામદારના યુનિયનના પત્રનો જવાબ આપવાથી તેમના ધ્વારા રક્ષિત કામદારો ગણવા અંગેની માંગણી આપોઆપ મંજુર થઈ જતી નથી. અરજદાર સંસ્થા ધ્વારા સદર યુનિયનના કહેવાતા પ્રતિનિધિને રક્ષિત કામદાર જાહેર કરવાના હોત તો તે સંસ્થા ધ્વારા લેખિત પત્રથી તેમને જાણ

કરવામાં આવેલ હોત જે બનેલ નથી. જેથી તે સ્પષ્ટ થાય છે કે, તેઓ રક્ષિત કામદાર અરજદાર સંસ્થા ધ્વારા ગણવામાં આવેલ નથી. આવી પરિસ્થિતિમાં સદર યુનિયને રક્ષિત કામદાર જાહેર કરવા અંગેની માંગણી મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી સમક્ષ ઉપસ્થિત કરવાથી જે કાર્યવાહી સદર યુનિયન ધ્વારા કરવામાં આવેલ નથી. આથી સામાવાળા કામદાર ધ્વારા જણાવ્યા મુજબ અરજદાર કંપનીએ આઈ.ડી. એકટની કલમ–૩૩(૩) મુજબ સામાવાળાને બરતરફીનું પગલું લેતાં પહેલાં આપ નામદાર ટ્રીબ્યુનલની પરવાનગી લેવા કાયદેસર બંધાયેલ છે અને જો તે મુજબ પૂર્વ પરવાનગી મેળવવા માટેની અરજી નિર્વિવાદીત રીતે કરેલ ન હોવાનું રજુઆત ખરી નથી. આ જ પ્રમાણે વર્ષ ૨૦૧૭–૧૮ માટે પણ યુનિયન ધ્વારા રક્ષિત કામદાર ગણવા માટેના પત્ર લખવા માત્રથી સામાવાળા કામદાર સળંગ અને સતત રક્ષિત શ્રમયોગીનો દરજજો ભોગવી રહેલ હોવાની રજુઆત ખરી નથી તથા આવા બીન જરુરી મુદૃાઓ ઉપસ્થિત કરી નામદાર ન્યાય પંચને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે, આથી અરજદાર સંસ્થા ધ્વારા આપ નામદાર ઔધ્યોગિક ન્યાય પંચ સમક્ષ દાખલ કરવામાં આવેલ અરજી શરુઆતથી જ ગેરકાયદેસર અને રદ હોવાની રજુઆત કે તે અરજી ચલાવવાની આપ નામદાર ટ્રીબ્યુનલને હકુમત નહી હોવાની રજુઆત કાયદેસરની ન હોઈ સામાવાળાનો સદર મુદૃો કાયદેસર ચાલી શકે તેમ નથી.

(બી) રેફરન્સ (આઈ.ટી.) નં.૫૭/૨૦૧૪ માં નામદાર ઔધ્યોગિક ન્યાય પંચના સભ્યશ્રી એ. એ. દવે સાહેબ ધ્વારા એવોર્ડ પસાર કરવામાં આવેલ છે. તે એવોર્ડ સામે અરજદાર સંસ્થાએ નામદાર ગુજરાત

હાઈકોર્ટ સમક્ષ સ્પેશીયલ સીવીલ એપલીકેશન નં.૭૬૮૯/૨૦૧૬ દાખલ કરેલ છે, કે જે હાલમાં પડતર છે અને જેમાં નામદાર ઔદ્યોગિક ન્યાય પંચના એવોર્ડ સામે 'સ્ટે' ફરમાવેલ છે. આમછતાં સામાવાળાએ આ હુકમની ઘરાર અવગણના કરી નામ. ઔદ્યોગિક ન્યાય પંચના એવોર્ડનો આધાર લીધેલ છે, તેમજ આ હકીકત નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ છુપાવી જવાબ રજુ કરેલ છે, કે જે ગંભીર પ્રકારની કન્ટેમ્પટ થાય છે. આથી સામાવાળા કામદાર ધ્વારા જણાવ્યા મુજબ કલમ–૩૩(૧) (બી) ની આજ્ઞાત્મક જોગવાઈઓ ધ્યાને લેતાં પૂર્વ પરવાનગી વિના બરતરફીનું પગલું લેવાનો કંપનીને કોઈ હકક કે અધિકાર પહોંચતો નહીં હોવાની રજુઆત તથા તે સંજોગોમાં કંપનીનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ હોવાની રજુઆત ખરી નથી. સસ્પેન્શનનું પગલું ગેરકાયદેસર અને રદ ઠરાવેલ હોઈ તે સંજોગોમાં સામાવાળા સબંધે ઔદ્યોગિક ન્યાય  પંચના એવોર્ડ વિરુધ્ધ બરતરફ કરવાનો અરજદારને કાયદેસરનો હકક કે અધિકાર પહોંચતો નહીં હોવાનું તથા નમુનારુપ સ્થાયી હુકમો મુજબનું આવું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ હોવાની રજુઆત ખરી નથી.

(સી) આઈ.ડી. એકટની કલમ૩૩(૨)(બી) ની આજ્ઞાત્મક જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ ન હોવાની રજુઆત ખરી નથી  તેમજ સામાવાળાએ પુરેપુરો પગાર, નોટીસ પગારની રકમ બરતરફ કરવામાં આવેલ તે દિવસે એપ્રુવલ અરજી નામદાર કોર્ટમાં રજુ કરવાની કાયદા હેઠળની ફરજ તથા કંપની ધ્વારા એપ્રુવલ અરજી અને તેના સમર્થનમાં તમામ દસ્તાવેજો કે જેના ઉપર બરતરફીનો નિર્ણય આધારીત હોય તે પણ રજુ કરેલ ન હોવાની રજુઆત ખરી નથી. આમ અરજદાર ધ્વારા

કલમ–૩૩(૨) (બી) ની જોગવાઈઓ પરીપૂર્ણ કરેલ ન હોવાથી કંપનનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ હોવાની રજુઆત ખરી નથી.

(ડી) અરજદાર કંપની ધ્વારા સામાવાળાને સસ્પેન્શન કરવાનું પગલું તેમજ ત્યારબાદ શો–કોઝ નોટીસ કમ ચાર્જશીટ આપવામાં આવેલ છે તે આપવાનો ઈરાદો અને આક્ષેપો ઉભા કરવાનું પગલું તે સ્પષ્ટપણે ગુજરાત મઝદુર સભા કે જેના સામાવાળા કામદાર યુનિટ કારોબારીના હોદ્દેદાર હોવાથી તેમજ બહુમતી કામદારો કે જેમના ધ્વારા અરજદાર કંપનીએ સામાવાળા યુનિયને ઉપસ્થિત કરેલ પગાર વધારો અને અન્ય લાભો આપવાની માંગણી અને સામુહીક અધિકારો અને અધિકારો માટે સદર યુનિયનની રચના અને તે રચના બાદ સદર યુનિયનને તોડી પાડવા કહેવાતા માલિક સ્થાપિત યુનિયન આર.એમ.પી. મઝદુર સંઘ કે જે કંપની ધ્વારા સ્થાપિત કરવામાં આવેલ છે તેવો આક્ષેપ ખોટો અને ઉપજાવી કાઢેલો છે. તેમજ જનરલ સેક્રેટરી હોવાનું જણાવી કામદારો વિરુધ્ધ નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ રેફરન્સ (આઈ.ટી.) નં.૫૭/૨૦૧૪ માં મૌખિક પુરાવો આપેલ તે વ્યકિત અને અન્ય કંપનીના મળતીયાઓ જેની મદદથી આઈ.ડી. એકટની કલમ –૨(પી) અને કલમ ૧૮(૧) નીચેનું સમાધાન ઉભું કરવામાં આવેલ છે. તે સમાધાનના વિરુધ્ધમાં યુનિયનની માંગણીઓ સબંધમાં માંગણી સમાધાન કરવામાં ચાલુ હતી, તે માંગણી હાલ આપ નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ રેફરન્સ (આઈ.ટી.) નં.૨૧/૨૦૧૪ માં હાલની એપ્રુવલ અરજી રજુ કરેલ છે, તે માંગણીઓને નિરર્થક બનાવવા માટે આક્ષેપો ઉભી કરવામાં આવેલ હોવાની રજુઆત તદ્દન ખોટી તેમજ ઉપજાવી કાઢેલ છે.

વધુમાં સામાવાળાએ કોઈ ગેરવર્તણું કરેલ ન હોવાની રજુઆત ખરી નથી તેમજ તેમના વિરુધ્ધ એક સાજીસ કાવતરું રચીને યુનિયન મુખ્ય હોદ્દેદારોને ટાર્ગેટ કરી કીન્નાખોટી રાખી વૈમનસ્ય દાખવી તેમના કહેવાતા ન્યાયી વ્યાજબી ટ્રેડ યુનિયન પ્રવૃત્તિ તોડી પાડવા આઈ.ડી. એકટની અનુસુચિ ૫ આઈટમ નં.૧ (એ), ૨ (એ) (ડી), ૩(૪) (એ) (બી) (એફ) તથા ૫ (એ) (બી) (ડી) (એફ) (જી) મુજબની કહેવાતી અયોગ્ય મજુર પ્રથાઓ  આચરી બરતફ કરવાનું પગલું લીધેલ હોવાની રજુઆત ખરી નથી તેમજ આઈ.ડી. એકટની કલમ–૩૩(૧) (એ) અને કલમ ૧(બી) ની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં યુનિયનને માંગણીઓ સબંધમાં એટલે કે માંગણીઓમાંથી ઉદભવતી બાબતોને લઈને ખોટા, ઉપજાવી કાઢેલા, બનાવટી આક્ષેપો ઉભું કરવામાં આવેલ હોવાનું તથા તે સંજોગોમાં કલમ–૩૩(એ) તથા (બી) મુજબ પૂર્વ પરવાનગી વિના કંપનીને કાયદેસરનો કોઈ હકક અધિકાર ન હોવાથી તે સંજોગોમાં કંપનીનું એપ્રુવલ અરજી કલમ–૩૩(૨) (બી) મુજબ રજુ કરવાનું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ થવાનું છે, કારણ કે તે પ્રથમ દૃષ્ટિએ જ કાયદાની જોગવાઈઓ વિરુધ્ધનું કૃત્ય છે, તે તમામ રજુઆત ખોટી તેમજ ઉપજાવી કાઢેલ હોઈ સામાવાળાને આવા કોઈ પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરવાનો કાયદેસર હકક કે અધિકાર ઉપસ્થિત થતો નથી.

અરજદાર તરફે આંક–૧૯ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

**૪.** સામાવાળા ધ્વારા આંક–૨૦ થી રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે અમારી એપ્રુવલ અરજી સબંધેનો લેખિત

જવાબ, પ્રાથમિક મુદ્દાની અરજીમાં જણાવેલી હકીકતો સાચી અને ખરી છે અને કંપીની એપ્રુવલ અરજીને હકુમતનો બાધ નડતો હોઈ તે પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ છે અને તેથી નામદાર સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટના જે ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે તે હાલના કેસની હકીકતોને સુસંગત હોઈ તે સ્પષ્ટપણે લાગુ પડે છે. વધુમાં પેરા.૪(૧), ૪(૨) માં જે રજુઆત કરેલ છે તે પણ સત્યથી વેગળી, ઉપજાવી કાઢેલી છે અને તેને અમો કબુલ મંજુર રાખતા નથી અને આ સબંધમાં પેરા.૨(એ) બાબતે જણાવીએ છીએ, ઔધ્યોગિક તકરાર અધિનિયમની કલમ–૩૩(૪) તથા ગુજરાત નિયમો–૬૬ હેઠળ સમયમર્યાદાનો આમારા યુનિયને તા.૨૧–૯–૧૬ તથા તા.૨૦–૯–૨૦૧૭ રજીસ્ટર્ડ એ.ડી. થી કંપીને મોકલેલ છે અને આ પત્ર કે જેમાં શ્રમયોગીનું નામ, સરનામું, યુનિયનનો હોદ્દો તે મુજબ કાયદાની આજ્ઞાનુસાર ઠરાવેલ જોગવાઈ મુજબ આ પત્રો મોકલેલ છે અને તે પત્રોનો કંપનીએ નિયમ–૬૬ માં ઠરાવેલ અવધીમાં ૧૫ દિવસમાં જવાબ આપેલ નથી અને આ પત્રોમાં સ્પષ્ટપણે તમામ કામદારો માટે અમારું યુનિયન એકમાત્ર સોલબાર્ગેનીંગ એજન્ટ છે તે સબંધમાં પણ સ્પષ્ટ હકીકત જણાવેલ છે જેને કંપની ધ્વારા નકારેલ નથી અને તે મુજબ અમો રક્ષિત શ્રમયોગી હોઈ રજુ કરેલ એપ્રુઅલ અરજી પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ છે. અમો જણાવીએ છીએ કંપનીનું તે નિવેદન કે ''આર.એમ.પી. મઝદુર સંઘ નામનું યુનિયન રેકેગ્નાઈઝ યુનિયન છે તથા તેમના ધ્વારા દર વર્ષે રક્ષિત કામદાર જાહેર કરવા અંગે અરજદાર સંસ્થાને નોટીસ મળેલ છે તથા તે નોટીસના અનુસંધાને સંસ્થા ધ્વારા રક્ષિત કામદાર જાહેર કરવામાં આવેલ છે તથા આ હકીકતની સામાવાળા તથા યુનિયન સારીરીતે વાકેફ છે તથા અરજદારના નિર્ણય સામે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર સામાવાળા કે યુનિયને લીધેલ

નથી. આમ સામાવાળા કામદારના યુનિયનના પત્રનો જવાબ આપવાથી તેમના ધ્વારા રક્ષિત કામદારો ગણવા અંગેની માંગણી આપોઆપ મંજુર થઈ જતી નથી. અરજદાર સંસ્થા ધ્વારા સદર યુનિયનના કહેવાતા પ્રતિનિધિને રક્ષિત કામદાર જાહેર કરવાના હોત તો તે સંસ્થા ધ્વારા લેખિત પત્રથી તેમને જાણ કરવામાં આવેલ હોત જે બનેલ નથી જેથી તે સ્પષ્ટ થાય છે કે તેઓ રક્ષિત કામદાર અરજદાર સંસ્થા ધ્વારા ગણવામાં આવેલ નથી. આવી પરિસ્થિતિમાં સદર યુનિયને રક્ષિત જાહેર કરવા અંગેની માંગણી મદદનીશ શ્રમ આયુકતરીની કચેરી સમક્ષ ઉપસ્થિત કરવાથી જે કાર્યવાહી સદર યુનિયન ધ્વારા કરવામાં આવેલ નથી.'' ઉપરોકત નિવેદન તદ્દન ખોટુ, ઉપજાવી કાઢેલું અને તે માટે ખોટા, બનાવટી, મો–માથા વિનાનું, પાયા વિનાનું પાછળી વિચારીને ઉભુ કરેલુ અને તે માટે ખોટા, બનાવટી, ઉપજાવી કાઢેલા દસ્તાવેજો ખોટા હોવાનું જાણવા હોવાછતાં અને તે ખોટા દસ્તાવેજો રજુ કરી નામદાર ટ્રીબ્યુનલને ગેરમાર્ગે દારવાનો અને નામદાર કોર્ટ પાસેથી ખોટી રીતે ઓર્ડર મેળવવાના ઈરાદે આ દસ્તાવેજો આર.એમ.પી. મઝદુર સંઘ અને કંપની સબંધેના ઉભા કરવામાં આવેલ છે જે હકીકત સબંધમાં અમો સામાવાળા જણાવીએ છીએ કે, સૌ પ્રથમ તો આ કહેવાતી રજુઆત રક્ષિત કામદારો સબંધેની તકરાર પ્રથમવાર આપ નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ તા.૧૬–૧–૧૮ નારોજ ઉભી કરવામાં આવેલ છે તે અગાઉ કંપની ધ્વારા અમારા યુનિયને જે તા.૨૧–૯–૨૦૧૬ તથા તા.૨૦–૯–૨૦૧૭ ના પત્રો રજી. એ.ડી. થી રક્ષિત શ્રમયોગીઓ જાહેર કરવા માટે મોકલેલ છે તેનો કોઈ જવાબ આપેલ નથી. આ અગાઉ કયારેય એવું પણ જણાવેલ નથી કે આર.એમ.પી. મઝદુર સંઘ ધ્વારા રક્ષિત શ્રમયોગીઓ જાહેર રવ માટે પત્રો મોકલેલ છે અને તે પત્રોના આધારે તેઓને રક્ષિત શ્રમયોગીઓ જાહેર કરવાનું કંપનીએ સ્વીકારેલ છે અને તે મુજબ

તેઓને રક્ષિત શ્રમયોગીઓ જાહેર કરેલ છે. અત્રે તે હકીકત પણ ઉલ્લેખનીય છે કે જયારે કંપની ધ્વારા અમો યુનિયનના પત્ર સબંધે રક્ષિત શ્રમયોગીઓ જાહેર કરવા કોઈ વિવાદ, તકરાર ઉભી જ કરેલ નથી અને તેથી અમારા યુનિયને રક્ષિત કામદાર જાહેર કરવા બાબતે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ કોઈ કાર્યવાહી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં નિયમ–૬૬ મુજબ પ્રત્યેક વર્ષે ૩૦ સપ્ટેમ્બર પહેલા રક્ષિત શ્રમયોગીઓના નામો કંપનીને મોકલવાના રહે છે અને તે નામો એક અથવા તો એક કરતાં વધારે યુનિયન કંપનીમાં કાર્યરત હોય તો તે યુનિયનની સભ્ય સંખ્યા અને તે અંગેના દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ તે સભ્ય સંખ્યાના આધારે સરખા પ્રમાણમાં રક્ષિત શ્રમયોગીઓની વહેંચણી કરવાની રહે છે અને તે નિર્ણય પ્રત્યેક વર્ષે ૧૫ દિવસમાં એટલે કે ૧૫, ઓકટોબર સુધીમાં લેવાનો કાયદા હેઠળ માલિકની ફરજ છે. અત્રે કહેવાતા જે દસ્તાવેજો કંપનીએ આર.એમ.પી. મઝદુર સંઘના વર્ષ: ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭ ના રજુ કરેલ છે તે કહેવાતા દસ્તાવેજો કે જે ખોટા, બનાવટી ઉભા કરવામાં આવ્યા છે અને તે કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ નું પાલન પણ કરતા નથી કારણ કે, તે કહેવાતા દસ્તાવેજોમાં સબંધીત કામદારોના નામ, સરનામા, હોદ્દો કે જે રક્ષિત શ્રમયોગી બનવા માટેની પૂર્વ શરત છે તેવી કોઈ વિગતો તેમાં દર્શાવેલ નથી અને આ કહેવાતા દસ્તાવેજો પણ નામદાર કોર્ટ સમક્ષ અસલ રજુ કરેલ નથી અને આ કહેવાતા દસ્તાવેજો કે જે ઈનવર્ડ થયાના કે તે દસ્તાવેજો કહેવાતા યુનિયનના હોદ્દેદારોને કે કંપનીને મળ્યાના અને તે ઈનવર્ડ કરીને લીધેલ હોય તેવું બનેલ નથી અને જે કહેવાતા હોદ્દેદાર રાજુભાઈ જીવરાજભાઈ કહેવાતા પ્રમુખ હોવાનું દર્શાવેલ છે તેની પ્રત્યેક કાગળમાં સીકકો મારીને એકજ દિવસે સહી લીધેલ હોય તેવું સ્પષ્ટ આ કહેવાતા ઝેરોક્ષ દસ્તાવેજો ઉપરથી પણ પ્રસ્થાપિત થાય છે.

વધુમાં કહેવાતા દસ્તાવેજો કે મજુર કમિશ્નરશ્રીને પણ મોકલેલ નથી અને તેનો પણ કોઈ ઈનવર્ડનો સીકકો છે નહીં. આમ, આ તમામ કાગળો ખોટા, બનાવટી અને પાછળથી ઉભા કરવામાં આવ્યા છે તે હકીકત સ્પષ્ટપણે પ્રસ્થાપિત થાય છે. ઉપરોકતને પૂર્વગ્રહિત કર્યા સિવાય અને બાધ્ધ લાવ્યા સિવાય અમો જણાવીએ છીએ કે, કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ મુજબ કંપની કાયદામાં ઠરાવેલ અવધી મુજબ ૩૦–સપ્ટેમ્બર સુધી રક્ષિત શ્રમયોગીઓની એક કરતાં વધારે યુનિયનની યાદી / પત્રની રાહ જોવા બંધાયેલ છે અને ત્યારબાદ તે ૧૫ દિવસમાં એટલે કે તા.૧૫–૧૦ સુધીમાં પ્રત્યેક વર્ષે નિર્ણય કરી શકે. આમ, જે કહેવાતા કાગળો તા.૨૧–૯–૧૫, તા.૧૮–૯–૨૦૧૫ તથા તા.૧૩–૯–૧૭ ના રક્ષિત શ્રમયોગીઓ ગણવા બાબતેના આપેલ છે તે આઈ.ડી. એકટની કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ ની આજ્ઞાત્મક જોગવાઈના ભંગ અંગેના હોઈ તે પ્રથમથી જ ગેરકાયદેસર અને રદૃ છે અને તે સંજોગોમાં તેને રક્ષિત શ્રમયોગી ગણવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી જયારે બીજી તરફ હું જણાવું છે કે મારા યુનિયન ઘ્વારા કાયદામાં ઠરાવેલ સમય, પ્રક્રિયા અને જે જરુરી વિગતો કાયદામાં ઠરાવેલ છે તે મુજબ કંપનીને મોકલેલ છે જેનો કંપની ઘ્વારા કોઈ જવાબ આપેલ નથી અને તે સંજોગોમાં અમો રક્ષિત શ્રમયોગીઓ કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ મુજબ ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષમાં અને ત્યારબાદ વર્ષ ૨૦૧૭–૧૮ ના વર્ષમાં બનેલ છે એમ અમો જણાવીએ છીએ કે, અમો સામાવાળા ઘ્વારા જયારે કંપનીએ બીજી કારણદર્શક નોટીસ અમોને આપેલ ત્યારે તેના જવાબમાં પણ સ્પષ્ટપણે અમારા યુનિયન ગુજરાત મઝદુર સભા કે જેના ઘ્વારા રક્ષિત શ્રમયોગી બાબતે જે પત્રો મોકલેલ છે તે મુજબ અમો રક્ષિત શ્રમયોગી છીએ અને તે સંજોગોમાં નામદાર ટ્રીબ્યુનલની પૂર્વ પરવાનગી વીના અમોને છુટા

કરવાનો કંપનીને કોઈ હકક કે અધિકાર નથી જે સબંધમાં કંપનીએ તે સમયે પણ તેવી કોઈ રજુઆત કરેલ નથી કે કહેવાતા આર.એમ.પી. મઝદુર સંઘના પત્રો સબંધમાં તે યુનિયનના કહેવાતા હોદ્દેદારોને રક્ષિત શ્રમયોગીઓ જાહેર કરવામાં આવેલ છે. આમ હકીકતે કંપનીનું નિવેદન કે અમો યુનિયન તે રક્ષિત કામદાર ગણવા બાબતેના નિર્ણયથી વાકેફ છીએ તે હળાહળ જુઠ્ઠાણું અને ખોટી, બનાવટી, ઉપજાવી કાઢેલી રજુઆત છે. વધુમાં હું જણાવું છું કે, કહેવાતા આર.એમ.પી. મઝદુર સંઘને રેકેગ્નાઈઝ યુનિયન તરીકેનો દરજજો આપવામાં આવેલ છે તેવી કોઈ બાબત કયારેય જાહેર કરવામાં આવેલ નથી. વધુમાં હું જણાવું છું કે અમારા યુનિયનને તા.૨૧–૯–૧૬ અને ત્યારબાદ તા.૨૦–૯–૧૭ ના પત્ર બાદ તે અગાઉની તારીખો દર્શાવી તા.૧૮–૯–૧૬ અને તા.૧૩–૯–૧૭ ના રક્ષિત શ્રમયોગીઓ ગણવા બાબતેના આપેલ છે તે આઈ.ડી. એકટની કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ ની આજ્ઞાત્મક જોગવાઈના ભંગ અંગેના હોઈ તે પ્રથમ થી જ ગેરકાયદેસર અને રદૃ છે અને તે સંજોગોમાં તેને રક્ષિત શ્રમયોગી ગણવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી જયારે બીજી તરફ હું જણાવું છું કે, મારા યુનિયન ઘ્વારા કાયદામાં ઠરાવેલ સમય, પ્રક્રિયા અને જે જરુરી વિગતો કાયદામાં ઠરાવેલ છે તે મુજબ કંપનીને મોકલેલ છે જેનો કંપની ઘ્વારા કોઈ જવાબ આપેલ નથી અને તે સંજોગોમાં અમો રક્ષિત શ્રમયોગીઓ કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ મુજબ ૨૦૧૬–૨૦૧૭ ના વર્ષમાં અને ત્યારબાદ વર્ષ ૨૦૧૭–૧૮ ના વર્ષમાં બનેલ છીએ અને અમો જણાવીએ છીએ કે, અમો સામાવાળા ઘ્વારા જયારે કંપનીએ બીજી કારણદર્શક નોટીસ અમોને આપેલ ત્યારે તેના જવાબમાં પણ સ્પષ્ટપણે અમારા યુનિયન ગુજરાત મઝદુર સભા કે જેના ઘ્વારા રક્ષિત શ્રમયોગી બાબતે જે પત્રો મોકલેલ છે તે મુજબ અમો રક્ષિત

શ્રમયોગી છીએ અને તે સંજોગોમાં નામદાર ટ્રીબ્યુનલની પૂર્વ પરવાનગી વીના અમોને છુટા કરવાનો કંપનીને કોઈ હકક કે અધિકાર નથી જે સબંધમાં કંપનીને તે સમયે પણ તેવી કોઈ રજુઆત કરેલ નથી કે કહેવાતા આર.એમ.પી. મઝદુર સંઘના પત્રો સબંધમાં તે યુનિયનના કહેવાતા હોદ્દેદારોને રક્ષિત શ્રમયોગીઓ જાહેર કરવામાં આવેલ છે. આમ હકીકતે કંપનીનું નિવેદન કે અમો યુનિયન તે રક્ષિત કામદાર ગણવા બાબતેના નિર્ણયથી વાકેફ છીએ તે હળાહળ જુઠાણું અને ખોટી, બનાવટી, ઉપજાવી કાઢેલ રજુઆત છે. વધુમાં હું જણાવું છું કે, કહેવાતા આર. એમ.પી. મઝદુર સંઘને રેકેગ્નાઈજ યુનિયન તરીકેનો દરજજો આપવામં આવેલ છે તેવી કોઈ બાબત કયારેય જાહેર કરવામાં આવેલ નથી. વધુમાં હું જણાવું છું કે અમારા યુનિયનને તા.૨૧–૯–૨૦૧૬ અને ત્યારબાદ તા.૨૦–૯–૧૭ ના પત્ર બાદ તે અગાઉની તારીખો દર્શાવી તા.૧૮–૯–૨૦૧૬ અને તા.૧૩–૯–૧૭ ના કંપનીના પત્રો એવો બચાવ ખોટો ઉભો કરવા કરેલ છે કે યુનિયનના પત્રો મળ્યા તે પહેલા કહેવાતા યુનિયનના કહેવાતા હોદ્દેદારોને રક્ષિત શ્રમયોગીઓ જાહેર કરવામાં આવેલ છે પરંતુ તે બાબત પણ કલમ–૩૩(૪) અને નિય–૬૬ વિરુધ્ધની હોઈ અને તે તા.૩૦–૯– બાદ જ તેવો નિર્ણય માલિક નિયમ–૬૬ મુજબ લઈ શકે તે બાબતને ધ્યાને લેતાં પણ આ કહેવાતા પત્રો અને તેમાં જણાવેલો કહેવાતો નિર્ણય પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ છે.

વધુમાં અમો યુનિયન જણાવીએ છીએ કે, પેરા–૪(બી) અને ૪ (સી) બાબતે અમો યુનિયનને અમારા પ્રાથમિક મુદ્દાની અરજીમાં જે રજુઆત કરેલ છે તે સાચી અને ખરી છે અને કલમ–૩૩(૧) (ઓ અને ૩૩(૧) (બી) મુજબ કંપનીને પૂર્વ પરવાનગી વિના અમોને બરતરફ કરવાનો કાયદેસરનો કોઈ હકક

કે અધિકાર નથી અને આ સબંધમાં જે રજુઆત કંપની ધ્વારા કરવામાં આવેલ છે તે ખોટી, ઉપજાવી કાઢેલી, બનાવટી, મો–માથા વીનાની અને સત્યથી વેગળી છે અને અમો અમારા મૂળ પ્રાથમિક મુદ્દાની અરજીમાં જે મુદ્દા ઉપસ્થિત કરેલ છે તેને વળગી રહીએ છીએ.

વધુમાં હું જણાવું છું કે, અરજદાર કંપની ધ્વારા જે નોટીસ પગારની રકમનો ચેક મોકલેલ છે તે ચેકમાં જે રકમ ચુકવણી કરવાનું દર્શાવેલ છે તે મારી માસીક વેતનની રકમ નથી ને મેં આ ચેક બેંકમાં જમા કરાવેલ નથી જે આ સાથે એનેક્ષર–૧ થી નામદાર કોર્ટ સમક્ષ રજું કરું છું. હું જણાવું છું કે, આમ કલમ–૩૩(૨) (બી) મુજબની ખોટી પગાર ચુકવણી કરવાની પૂર્વ શરત પણ અરજદાર કંપનીએ પરિપૂર્ણ કરેલ નથી અને તે સંજોગોમાં રજુ કરેલ એપ્રુવલ અરજી પ્રથમથી જ ગેરકાયદેસર અને રદૃ છે. ઉપરોકત હકીકતો, રજુઆતો તથા અમારી એપ્રુઅલ અરજી સબંધેના લેખિત જવાબની, પ્રાથમિક મુદ્દાની અરજીમાં જણાવેલ હકીકતો અને તે સબંધમાં સોગંદ ઉપર અમોએ જે રજુઆતો કરેલ છે તેને ધ્યાને લઈ પ્રાથમિક મુદ્દાની અરજી ઉપર એપ્રુવલ અરજી પ્રથમથી જ ગેરકાયદેસર અને રદૃ હોઈ રદૃ કરવાનો હુકમ કરવા અરજ છે.

**૫.** અરજદાર તરફે આંક–૨૧ ના લીસ્ટથી દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે તથા આંક–૨૨ થી સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૨૩ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

**૬.** આ કામના સામાવાળા તથા અરજદારના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળી.

**૭.** સામાવાળા ધ્વારા આંક–૧૫ થી અરજદારની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે જેના પેરા–૧ માં નીચે મુજબના પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

(એ) અમો સામાવાળા કે જે ગુજરાત મઝદુર યુનિટ કારોબારીનો હોદ્દેદાર હોઈ અમારા યુનિયને તા.૨૧–૯–૨૦૧૬ નારોજ ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ–૩૩(૪) તથા ગુજરાત નિયમો–૬૬ હેઠળ રક્ષિત શ્રમયોગી ગણવા પત્ર લખેલ છે જે પત્ર કંપનીને તા.૨૬–૯–૧૬ નારોજ મળેલ છે અને તે પત્રનો કંપનીએ આઈ.ડી. એકટની કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ ની અવધી /સમયમર્યાદામાં કોઈ જવાબ આપેલ નથી કે અમારા યુનિયન ધ્વારા જે રક્ષિત શ્રમયોગીઓ ગણવા અરજ ગુજારેલ છે તે સ્વીકરવાનો ઈન્કાર કરેલ છે અને આમ અમો સામાવાળા બરતરફ કરવામાં આવેલ તે સમયે સ્પષ્ટપણે રક્ષિત શ્રમયોગી હોઈ અને તે સંજોગોમાં અરજદાર કંપની આઈ.ડી. એકટની કલમ–૩૩(૩) મુજબ મારા સબંધમાં બરતરફીનું પગલું લેતાં પહેલા આપ નામદાર ટ્રીબ્યુનલની પૂર્વ પરવાનગી લેવા કાયદેસર બંધાયેલ છો અને જો તે મુજબ પૂર્વ પરવાનગી મેળવવા માટેની અરજી નિર્વિવાદ રીતે કરેલ નથી. વધુમાં વર્ષ ૨૦૧૭–૧૮ માટે પણ અમારા યુનિયનના તા.૨૦–૯–૧૭ ના પત્રથી અમોને રક્ષિત શ્રમયોગી ગણવા પત્ર લખેલ છે જે પત્ર કંપનીને તા.૨૨–૯–૧૭ નારોજ મળેલ છે. આમ, અમો સામાવાળા સળંગ અને સતત રક્ષિત શ્રમયોગીનો દરજ્જો ભોગવીએ છીએ અને રક્ષિત શ્રમયોગી છીએ અને તે સંજોગોમાં અરજદાર કંપની ધ્વારા કરેલ હાલની અરજી કે જે પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ હોઈ અને તે કલમ–૩૩(૨)(બી) અન્વયે જે દિવસે રજુ કરેલ તે જ દિવસથી પ્રથમથી જ નિરર્થક અને રદ્દ હોઈ અને તે ચલાવવાની આપ નામદાર ટ્રીબ્યુનલને હકુમત પહોંચતી ન હોઈ અને નિર્વિવાદ તેમજ બીનવિવાદીત રીતે અરજદાર કંપનીએ કલમ–૩૩(૩) હેઠળ પૂર્વ

પરવાનગી માટે પરવાનગી અરજી કરેલ ન હોઈ અને તે સંજોગોમાં હાલની અરજી રદ્દ કરવા અરજ ગુજારીએ છીએ.

(બી) ઉપરોકતને પૂર્વગ્રહિત કર્યા સિવાય અને બાધ લાવ્યા સિવાય જણાવીએ છીએ કે, રેફરન્સ (આઈટી) નં.૫૭/૨૦૧૪ કે જેમાં નામદાર ઔદ્યોગિક ન્યાયપંચે સમુચિત સરકાર દ્વારા સેકશન–૧૦(૩) હેઠળ અને કલમ–૧૦ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને મોકલેલ રેફરન્સમાં આખા એવોર્ડમાં અમારા યુનિયનની હડતાલ ન્યાય, વ્યાજબી, કાયદેસરની હોવાનું ઠરાવેલ છે અને સાથે સાથે સસ્પેન્શનનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ ઠરાવેલ છે અને તે સંજોગોમાં તથા ૫૭/૨૦૧૪ ની માંગણી સબંધમાં જે બરતરફીનો નિર્ણય જે આક્ષેપિત ગેરવર્તણૂંકો સબંધમાં લેવામાં આવેલ છે તે સબંધમાં નામદાર ઔદ્યોગિક ન્યાય પંચે આખરી એવોર્ડ પસાર કરી યુનિયનના પગલાને ન્યાયી, વ્યાજબી ઠરાવેલ છે અને કલમ–૩૩(૧) (બી) ની આજ્ઞાત્મક જોગવાઈ ધ્યાને લેતાં પૂર્વ પરવાનગી વિના બરતરફીનું પગલું લેવાનો કંપનીને કાયદેસરનો કોઈ હકક કે અધિકાર પહોંચતો નથી અને તે સંજોગોમાં પણ કંપનીનું પગલું પ્રથમથી જ ગેરાયદેસર અને રદ છે. વધુમાં જયારે સસ્પેન્શનનું પગલું ગેરકાયદેસર અને રદ્દ ઠરાવેલ હોઈ અને તે સંજોગોમાં અમો સામાવાળા સબંધે ત્યારબાદ ઔદ્યોગિક ન્યાય પંચના એવોર્ડ વિરુધ્ધ બરતરફ કરવાનો સામાવાળાએ કાયદેસરનો કોઈ હકક કે અધિકાર પહોંચતો નથી અને નમુનારુપ સ્થાયી હુકમો મુજબ આવું પગલું પણ પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ છે અને તે સંજોગોમાં પણ એપ્રુઅલ અરજી પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ હોઈ તે રદ્દ કરવા નમ્ર અરજ છે.

(સી) વધુમાં અમો જણાવીએ છીએ કે, આઈ.ડી. એકટની કલમ–૩૩(૨) (બી) ની આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી એટલે કે, અમો સામાવાળાને પુરેપુરા પગારની, નોટીસ પગારની રકમ, બરતરફ કરવામાં આવેલ તે દિવસે એપ્રુઅલ અરજી નામદાર કોર્ટમાં રજુ કરવાની કાયદા હેઠળની ફરજ, તથા કંપની ધ્વારા એપ્રુઅલ અરજી અને તેના સમર્થનમાં તમામ દસ્તાવેજો કે જેની ઉપર બરતરફીનો નિર્ણય આધારીત હોય તે પણ રજુ કરેલ નથી. આમ, ૩૩(૨) (બી) ની જોગવાઈઓ પરીપૂર્ણ કરેલ ન હોઈ કંપનીનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ છે.

(ડી) વધુમાં અમો જણાવીએ છીએ કે, જે સસ્પેન્શનનું પગલું અને ત્યારબાદ શોકોઝ નોટીસ કમ ચાર્જશીટ આપવામાં આવેલ છે તે આપવાનો ઈરાદો અને આક્ષેપો ઉભા કરવાનું પગલું તે સ્પષ્ટપણે અમારું યુનિયન ગુજરાત મઝદુર સભા કે જેના અમો યુનિટ કારોબારીના હોદ્દેદારો છીએ અને આજે પણ બહુમતિ કામદારો કે જેઓ ધ્વારા કંપનીએ અમારા યુનિયને ઉપસ્થિત કરેલ પગાર વધારો અને અન્ય લાભો આપવાની માંગણીઓ અને સામુહિક હકકો અને અધિકારો માટે અમારા યુનિયનની રચના અને તે રચના બાદ અમારા યુનિયનને તોડી પાડવા અને માલિક સ્થાપિત યુનિયન આર.એમ.પી. મઝદુર સંઘ કે જે કંપની ધ્વારા સ્થાપિત કરવામાં આવેલ છે અને કંપનીના મેનેજર તેના જનરલ સેક્રેટરી હોવાનું જણાવે છે અને કામદારો વિરુધ્ધ નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ રેફરન્સ (આઈ.ટી.) નં.૫૭/૨૦૧૪ માં મૌખિક પુરાવો આપે છે તે વ્યકિત અને અન્ય કંપનીના મળતીયાઓ

કે જેની મદદથી આઈ.ડી. એકટની કલમ–૨(પી) અને ૧૮(૧) નીચેનું સમાધાન ઉભું કરવામાં આવેલ છે જે સમાધાનના વિરોધમાં અમો સામાવાળા કે જેના ધ્વારા યુનિયનની માંગણીઓ સબંધમાં માંગણીઓ કે જે સમાધાન કાર્યવાહીમાં ચાલુ હતી અને તે માંગણીઓ હાલ આપ નામદાર ટ્રીબ્યુનલ સમક્ષ રેફરન્સ (આઈટી) નં.૨૧/૨૦૧૪ કે જેમાં હાલની એપ્રુઅલ અરજી રજુ કરેલ છે તે માંગણીઓને નિરર્થક બનાવવા માટે આ આક્ષેપો ઉભા કરવામાં આવેલ છે. એટલે કે અમો સામાવાળાએ કોઈ ગેરવર્તણુક કરેલ નથી પરંતુ અમારી વિરુધ્ધ એક સાજીશ, કાવત્રુ રચી અને યુનિયનના મુખ્ય હોદ્દેદારોને ટાર્ગેટ કરી, કિન્નાખોરી રાખી, વચમનસ્ય દાખવી અને અમારી ન્યાયી, વ્યાજબી ટ્રેડ યુનિયન પ્રવૃત્તિ તોડી પાડવા એટલે કે આઈ.ડી. એકટની અનુસૂચિ–૫ ની આઈટમ નં.૧(એ (સી), ૨ (એ (ડી), ૩,૪(એ) (બી) (એફ) તથા ૫ (એ) (બી) (ડી) (એફ) (જી) મુજબની અયોગ્ય મજુર પ્રથાઓ આચરી અને બરતરફ કરવાનું પગલું લીધેલ છે અને આઈ.ડી. એકટની કલમ–૩૩(૧) (એ) અને ૧(બી) ની જોગવાઈઓ ધ્યાને લેતાં યુનિયનની માંગણીઓ સબંધમાં એટલે કે માંગણીઓમાંથી ઉદ્દભવતી બાબતોને લઈને આ ખોટા, ઉપજાવી કાઢેલા બનાવટી આક્ષેપો ઉભા કરવામાં આવેલ છે અને તે સંજોગોમાં કલમ–૩૩ (૧)(એ) તથા (બી) મુજબ પૂર્વ પરવાનગી વિના પગલું લેવાનો કંપનીને કાયદેસરનો કોઈ હકક કે અધિકાર ન હોઈ અને તે સંજોગોમાં કંપીનું પગલું એપ્રુઅલ અરજી કલમ–૩૩ (૨) (બી) મુજબ રજુ કરવાનું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ્દ છે કારણ કે તે પ્રથમ દિવસથી જ કાયદાની જોગવાઈ વિરુધ્ધનું કૃત્ય હોઈ તે પ્રાથમિક મુદ્દા ઉપર રદ્દ કરવા અરજ ગુજારીએ છીએ.

૮. સામાવાળા ધ્વારા જવાબના પેરા–૧(બી) માં જે પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે કાયદેસરરીતે ચાલી કે ટકી શકે તેમ નથી કારણ કે રેફરન્સ (આઈ.ટી.) નં.૫૭/૨૦૧૪ ના કામે પસાર કરવામાં આવેલ એવોર્ડ અરજદાર ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડકારેલ હોઈ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સદરહુ એવોર્ડ સ્ટે કરવામાં આવેલ હોઈ અને હાલ તે બાબત સબજ્યુડીસ હોઈ તે અંગે જે મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે તે કાયદેસર રીતે ટકી શકે તેમ નથી.

૯. સામાવાળાએ જવાબના પેરા–૧ (એ) માં એવો મુદ્દો ઉપસ્થિત કરેલ છે કે તેઓ ગુજરાત મઝદુર સભાના યુનિટ કારોબારીના હોદ્દેદાર હોઈ તેઓના યુનિયને તા.૨૧–૯–૨૦૧૬ નારોજ ધી આઈ.ડી. એકટની કલમ–૩૩(૪) તથા ગુજરાત રુલ્સ–૬૬ હેઠળ રક્ષિણ શ્રમયોગી ગણવા પત્ર લખેલ છે જે પત્ર કંપનીને તા.૨૬–૯–૨૦૧૬ નારોજ મળેલ છે અને તે પત્રનો કંપનીએ કલમ–૩૩(૪) અને નિયમ–૬૬ ની અવધી / સમયમર્યાદામાં કોઈ જવાબ આપેલ નથી કે તેઓના યુનિયન ધ્વારા જે રક્ષિત શ્રમયોગીઓ ગણવા અરજ ગુજારેલ છે તે સ્વીકારવાનો ઈન્કાર કરેલ નથી અને તે સંજોગોમાં તેઓ સબંધમાં બરતરફીનું પગલું લેતાં પહેલા કંપની ધી આઈ.ડી.એકટની કલમ–૩૩(૩) મુજર આપ નામદાર ટ્રીબ્યુનલની પૂર્વ પરવાનગી લેવા કાયદેસર બંધાયેલ છે જે કંપનીએ કરેલ નથી તેમજ વર્ષ ૨૦૧૭–૧૮ માટે પણ તેઓના યુનિયને તા.૨૦–૯–૧૭ ના પત્રથી તેઓને રક્ષિત શ્રમયોગી ગણવા પત્ર લખેલ છે જે પત્ર કંપનીને તા.૨૨–૯–૨૦૧૭ નારોજ મળેલ છે. આમ તેઓ સળંગ અને સતત રક્ષિત શ્રમયોગીનો દરજજો ભોગવે છે અને રક્ષિત શ્રમયોગી છે તે સંજોગોમાં અરજદાર કંપનીએ ધી આઈ.ડી. એકટની કલમ–૩૩ (૩) હેઠળ પૂર્વ પરવાનગી માટે પરવાનગી અરજી કરેલ ન હોઈ હાલની અરજી જે કલમ કલમ–૩૩(૨)(બી)

અન્વયે કરેલ છે તે પ્રથમથી જ નિરર્થક અને રદ હોઈ અને તે ચલાવવાની નામદાર ટ્રીબ્યુનલને હકુમત પહોંચતી ન હોઈ આજ મુદૃા ઉપર અરજી રદ થવાને પાત્ર છે.

અરજદાર તરફે નામદાર સુપ્રીમ કોર્ટે ડી.પી. મહેશ્વરી વિરુધ્ધ દીલ્હી એડમીનીસ્ટ્રેશન તથા બીજાઓના કેસમાં આપેલ ચુકાદો રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર ટ્રીબ્યુનલે તમામ મુદૃાઓનો કે જે પ્રાથમિક તથા અન્ય હોય તેનો વિવાદના આખરી ન્યાય નિર્ણય વખતે કરવો હિતાવહ છે તેમ ઠરાવેલ છે પરંતુ પ્રસ્તુત કેસમાં સામાવાળા ધ્વારા જે પ્રાથમિક મુદૃો ઉપસ્થિત કરવામાં આવેલ છે તે હકુમત, બાબતનો અને કાયદાનો મુદૃો છે જે અરજીના મુળને સ્પર્શે છે અને તેથી તેનો પ્રથમ ન્યાય નિર્ણય થવો જરુરી છે.

**૧૦.** અરજદાર તરફે આંક–૧૯ ના લીસ્ટથી આર. એમ. પી. મઝદુર સંઘને લખેલ પત્ર, આર.એમ.પી. મઝદુર સંઘ તરફથી તા.૧૨–૯–૨૦૧૬ નારોજ તેઓએ આર.એમ.પી. મજદુર સંઘને લખેલ પત્ર, આર.એમ.પી. મઝદુર સંઘ તરફથી તા.૬–૯–૨૦૧૭ નારોજ મળેલ પત્ર તથા તા.૧૩–૯–૨૦૧૭ નારોજ આર.એમ.પી. મઝદુર સંઘને લખેલ પત્રોની ઝેરોક્ષ રજુ કરવામાં આવેલ છે.

અરજદાર તરફે આંક–૨૧ ના લીસ્ટથી તેઓએ ગુજરાત મઝદુર સભાનાઓને તા.૨–૧૧–૨૦૧૫ નારોજ લખેલ પત્રની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે.

અરજદાર તરફે આંક–૨૩ ના લીસ્ટથી એકનોલેજમેન્ટ સ્લીપની ઝેરોક્ષ તથા તા.૪–૧૧–૨૦૧૫ નારોજની પોસ્ટ ખાતાની રજી. એ.ડી. કર્યાની મની રસીદની ઝેરોક્ષ કોપી રજુ કરવામાં આવેલ છે.

**૧૧.** સામાવાળા યુનિયન તરફે અકં–૧૪ ના લીસ્ટથી તેઓએ કંપનીને વર્ષ ૨૦૧૬–૧૭ માટે રક્ષિત કામદારો જાહેર કરવા મોકલેલ

રજી. એ.ડી. પત્ર તા.૨૧–૯–૨૦૧૬ , તેની મની રસીદ તથા તે મળ્યાની એકનોલેજમેન્ટ રજુ કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૧૭–૧૮ માટે રક્ષિત કામદારો જાહેર કરવા મોકલેલ રજી. એ.ડી. પત્ર તા.૨૦–૯–૧૭, તે મળ્યાની એકનોલેજમેન્ટ રજુ કરવામાં આવેલ છે.

**૧૨.** સામસાવાળા ધ્વારા જે રક્ષિત કામદાર સબંધી તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે તે સબંધી ધી આઈ.ડી. એકટની કલમ–૩૩(૪) માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે, જે પૈકી જરુરી જોગવાઈ નીચે મુજબ છે.

33 (4) In every establishment number of workman to be recognized as protected workmen for the purpose of sub-section (3) shall be one percent of the total number of workmen employed therein subject to a minimum number of five protected workman..

ધી આઈ.ડી. એકટ, ગુજરાત રુલ્સના નિયમ–૬૬ માં રક્ષિત કામદાર સબંધી નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે જે પૈકી જરુરી જોગવાઈ નીચે મુજબ છે.

**66. <u>Protected Workmen:-</u>**

(1) A every trade union connected within an industrial establishment to which the act applies shall communicate the employer before the 30th September every year the names and address of the officers of the trade union who are employed in that establishment and who in the opinion of the trade union should be recognized as protected workmen.

(2) The employer shall subject to the provisions of sub-section (4) of section 33 recognized such workmen to be protected workmen

for the purpose of sub-section (3) of the said section and communicate to the union in writing within fifteen days of the receipt of the names and addresses under sub-section (1) that list of workmen recognized a protected workmen.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો સંસ્થા સાથે સંકળાયેલ દરેક યુનિયને દરેક વર્ષની ૩૦ મી સપ્ટેમ્બર પહેલાં તેઓના યુનિયનના ઓફીસરોના નામ તથા સરનામાં કે જેઓ સંસ્થામાં ફરજો બજાવતા હોય તેઓને રક્ષિત કામદાર જાહેર કરવા સંસ્થાને જાણ કરવાની રહેશે અને તેવી જાણ થયે સંસ્થાએ પંદર દિવસની અંદર તેવા રક્ષિત કામદારો જાહેર કરવાની જાણ યુનિયનને કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

સદરહુ જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો સંસ્થામાં કાર્યરત દરેક યુનિયનને તેઓના યુનિયનના ઓફીસર્સને પ્રોટેકટેડ વર્કમેન ઘોષિત કરવાનો હકક પ્રાપ્ત થાય છે અને તેની જાણ કરે સંસ્થાએ તે સબંધી દિન–૧૫ માં તે સબંધની જાણ જે તે યુનિયનને કરવાની રહે છે.

**૧૩.** સામાવાળા યુનિયને તેઓના યુનિયનના ઓફીસ બેરર્સને વર્ષ ૨૦૧૬–૧૭ માટે રક્ષિત કામદાર જાહેર કરવા સંસ્થાને લખેલ પત્ર નિ.૧૪/૧ થી રજુ કરવામાં આવેલ છે. સદરહુ પત્ર અરજદાર સંસ્થાને મળી ગયાની એકનોલેજમેન્ટ તથા સદરહુ પત્ર મદદનીશ શ્રમ આયુકત, ભાવનગરને મળી ગયાની એકનોલેજમેન્ટ સદરહુ પત્ર સાથે રજુ કરવામાં આવેલ છે.

સામાવાળા યુનિયને તે જ પ્રમાણે વર્ષ ૨૦૧૬–૧૮ માટે તેમના ઓફીસ બેરર્સને રક્ષિત કામદાર જાહેર કરવા અરજદાર સંસ્થાને તા.૨૦–૯–૧૭ નારોજ લખેલ પત્ર નિ.૧૪/૨ થી રજુ છે જે અરજદાર સંસ્થાને મળી ગયાની પોસ્ટની એકનોલેજમેન્ટ તથા મદદનીશ શ્રમ આયુકત ભાવનગરને રજી. એ.ડી. થી

મોકલ્યાની પોસ્ટની મની રસીદ સદરહુ પત્ર સાથે રજુ છે.

સામાવાળા યુનિયન ધ્વારા ધી આઈ.ડી. એકટ, ગુજરાત રુલ્સની જોગવાઈ અન્વયે રક્ષિત કામદાર જાહેર કરવા જે પત્રો લખેલ છે તે ધ્યાને લેવામાં આવે તો તેઓએ નિયમ–૬૬ ની જોગવાઈ મુજબ કામદારોના પુરા નામ તથા પુરા સરનામા તેમાં જણાવેલ છે અને નિયમ–૬૬ ની જોગવાઈ મુજબ તેની નકલ મદદનીશ શ્રમ આયુકતને મોકલેલ છે.

સદરહુ પત્ર અરજદાર સંસ્થાને મળી ગયેલ છે. અરજદાર સંસ્થા ધ્વારા સદરહુ પત્રોનો કોઈ જવાબ સામાવાળા યુનિયનને આપવામાં આવેલ નથી.

ધી આઈ.ડી. એકટ, ગુજરાત રુલ્સના નિયમ–૬૬(૨) અન્વયે અરજદાર સંસ્થાએ સદરહુ પત્રો સબંધી કે જે પ્રોટેકટેડ વર્કમેન જાહેર કરવા અંગે તેઓને યુનિયને લખેલ છે તેનો દિન–૧૫ માં જવાબ આપવો જોઈએ જે અરજદાર સંસ્થાએ આપેલ નથી. સદરહુ નિયમ–૬૬(૨) ની જોગવાઈ આજ્ઞાત્મક સ્વરુપની છે. અરજદાર જો તેમાં જણાવ્યા મુજબના કામદારોને રક્ષિત કામદાર જાહેર કરવા માંગતા ન હતા તો તેઓએ તે સબંધી સામાવાળા યુનિયનને જાણ કરવી જોઈતી હતી જે અરજદારે કરેલ નથી.

અરજદાર તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે રક્ષિત કામદાર સબંધી કોઈ વિવાદ હોય તો સામાવાળાએ તે સબંધ મદદનીશ શ્રમ આયુકતને ફરીયાદ કરી તેનું નિરાકરણ લાવવું જોઈએ અને તે સબંધની તકરાર આ ટ્રીબ્યુનલ ને ન્યાય નિર્ણય કરવાની હકુમત પહોંચતી નથી. અરજદારની સદરહુ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી કારણ કે તેઓએ સામાવાળા યુનિયનને વર્ષ ૨૦૧૬–૧૭ તથા વર્ષ ૨૦૧૭–૧૮ માટે જે રક્ષિત કામદાર જાહેર કરવા સબંધી પત્રો મોકલેલ છે તેનો કોઈ જવાબ જ આપેલ નથી તેથી તે સબંધી કોઈ વિવાદનો પ્રશ્ન રહેતો નથી.

અરજદારે તેનો કોઈ જવાબ આપી રક્ષિત કામદાર જાહેર કરવામાં આવતા નથી તેવી જાણ કરેલ હોત તો વિવાદ ઉપસ્થિત થાય અને તેવા વિવાદનો ન્યાય નિર્ણય મદદનીશ શ્રમ આયુકત સમક્ષ કરવાની જરુરીયાત ઉપસ્થિત થાય પરંતુ જયારે અરજદાર સંસ્થાએ તેનો કોઈ જવાબ જ આપેલ ન હોય કે પત્રની હકીકતોને નકારેલ જ ન હોય ત્યારે વિવાદને કોઈ સ્થાન જ રહેતું નથી.

સામાવાળા તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટ આર. બાલા સુબ્રહમણ્યમ વિરુધ્ધ કાર્બોરબ્ડમ યુનિયવર્સલ લીમીટેડના આપેલ ચુકાદો જે ૧૯૭૬ જી.એલ.આર. પાન ૭૮૭ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે રજુ કરવામાં આવેલ છે.

સદરહુ ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે કે ,

'' Once this communication of the unions choice before the requisite date of 30$^{th}$ September every year is sent to the employer rule 66 cast  a mandatory obligation that- the employer shall recognize these workmen as protected workmen subject to the statutory provision made in section 33 (4).

Another requirement of section -33(4) is that when there are various trade union the employer has a right of distribution and allotment of the number of protected workmen as provided in rule 66(3)"

અરજદારે સામાવાળાએ જે તેમના યુનિયનના ઓફીસ બેરર્સને વર્ષ ૨૦૧૬–૧૭ તથા ૨૦૧૭–૧૮ માટે રક્ષિત કામદાર જાહેર કરવા પત્રો લખેલ છે અને જે તેઓને મળેલ છે તેનો કોઈ જવાબ સામાવાાળા યુનિયનને આપેલ નથી. ધી આઈ.ડી.એકટ ગુજરાત રુલ્સના નિયમ–૬૬ ની જોગવાઈ અન્વયે સંસ્થામાં કાર્યરત કોઈપણ યુનિયનને તેમના ઓફીસ બેરર્સને રક્ષિત કામદાર જાહેર કરવાની

માંગણી કરવાનો અબાધિત અધિકાર પ્રાપ્ત થયે છે. સંસ્થા તેવા યુનિયને જણાવેલ કામદારોને સંસ્થામાં કાર્યરત અન્ય યુનિયનો ધ્યાને લઈ તેમની સભ્ય સંખ્યા ધ્યાને લઈ જે તે યુનિયનના હોદ્દેદારોને તે પ્રમાણે રક્ષિત કામદાર જાહેર કરવા બંધાયેલ છે.

પ્રસ્તુત કેસમાં અરજદાર સંસ્થાએ યુનિયનના પત્રોનો કોઈ જવાબ આપેલ નથી તેમાં જણાવેલ યુનિયનના હોદ્દેદારોને રક્ષિત કામદાર તરીકે સ્વીકાર કરવાનો ઈન્કાર કરેલ નથી. અરજદાર સંસ્થા નિયમ–૬૬ ની જોગવાઈ અન્વયે સદરહુ પત્રોનો સ્વીકાર યા અસ્વીકાર પત્રો મળે દિન–૧૫ માં કરવા બંધાયેલ હોવાછતાં અરજદારે તે પ્રમાણે કરેલ નથી.

નામદાર હાઈકોર્ટે રજુ થયેલ ચુકાદામુ ઠરાવેલ છે કે :–

'' employer had mandatory obligation to recognize petitioner whom union has selected-employer was bound to communicate reorganization of these there officers as protected workmen within 15 days from the date of receipt of application such recognization would have to be necessary implied because any other construction would enable employer to escape statutory obligation by his own default"

આમ સમગ્ર હકીકતો, કેસના સંજોગો તથા ધી આઈ.ડી. એકટના નિયમ–૬૬ ની જોગવાઈઓ ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે જયારે યુનિયન ધ્વારા રક્ષિત કામદાર જાહેર કરવા માટે નિયમ–૬૬ ની જોગવાઈ અન્વયે સંસ્થાને જાણ કરવામાં આવે તો તે સબંધી સંસ્થાએ દિન–૧૫ માં યુનિયનને જાણ કરવાની રહે છે અને જો સંસ્થા ધ્વારા તે સબંધી યુનિયનને કોઈ જાણ કરવામાં ન આવે કે યુનિયનને પત્રમાં જણાવેલ હોદ્દેદારોને રક્ષિત કામદાર

જાહેર કરવા સબંધી કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત કરવામાં વાંધો કે તકરાર ઉપસ્થિત કરવામાં ન આવે તો યુનિયન ધ્વારા જણાવવામાં આવેલ શ્રમયોગીઓ રક્ષિત કામદાર ગણાય.

સામાવાળા યુનિયને વર્ષ ૨૦૧૬–૧૭ તથા વર્ષ ૨૦૧૭–૧૮ માટે રક્ષિત કામદારો જાહેર કરવા નિયમ–૬૬ ની જોગવાઈ અન્વયે સંસ્થાને જાણ કરેલ છે જે પત્રો સંસ્થાને મળેલ છે. સામાવાળા યુનિયને નિયમ–૬૬ ની જોગવાઈઓ પરીપૂર્ણ કરેલ છે. અરજદાર સંસ્થાએ તેઓના યુનિયનના સદરહુ હોદ્દેદારોને રક્ષિત કામદાર જાહેર ન કરવા કોઈ તકરાર લીધેલ નથી. નિયમ–૬૬ ની આજ્ઞાત્મક જોગવાઈ મુજબ દિન–૧૫ માં યુનિયનને જાણ કરેલ નથી કે યુનિયને જણાવેલ હોદ્દેદારોને રક્ષિત કામદાર ગણવા ઈન્કાર કરેલ નથી. તે સંજોગોમાં યુનિયને પત્રમાં જણાવેલ યુનિયનના હોદ્દેદારો કાયદાની જોગવાઈ અન્વયે રક્ષિત કામદાર બને છે તેવું મારું માનવું છે.

**૧૪.** અરજદાર તરફે આંક–૧૯ ના લીસ્ટથી આર.એમ.પી. મઝદુર સંઘે વર્ષ ૨૦૧૫–૧૬, વર્ષ ૨૦૧૬–૧૭ તથા વર્ષ ૨૦૧૭–૧૮ માટે રક્ષિત કામદાર જાહેર કરવા લખેલ પત્રો તથા સંસ્થાએ આપેલ જવાબો રજુ કરેલ છે.

અરજદાર તરફે રજુ થયેલ આર.એમ.પી. મઝદુધ સંઘ ધ્વારા લખવામાં આવેલ પત્રો ધ્યાને લેવામાં આવે તો તે પત્રો સંસ્થાને મળેલ હોવાનું જણાવેલ છે. સદરહુ પત્રો ઝેરોક્ષ છે અને તે પત્રો જો સંસ્થાને મળ્યા હોય તો તે પત્રોમાં સંસ્થાનો સિકકો તેમજ જવાબદાર અધિકારીની સહી હોવી જોઈએ, પરંતુ તેમાં સંસ્થાનો કોઈ સિકકો કે જવાબદાર વ્યકિતની સહી નથી. સદરહુ યુનિયને સદરહુ પત્રોની નકલો મદદનીશ શ્રમ આયુકતને મોકલેલ હોય તો તે સબંધીના પણ કોઈ પુરાવા રજુ કરેલ નથી. નિયમ–૬૬ ની જોગવાઈ મુજબ હોદ્દેદારોના

સરનામા લખવા જરુરી છે તે પણ લખેલ નથી.

અરજદાર સંસ્થા એ હકીકતથી સારીરીતે વાકેફ હતી અને છે કે સંસ્થામાં ત્રણ યુનિયનો કાર્યરત છે.

અરજદર ધ્વારા આંક–૧૯ ના લીસ્ટથી આર.એમ.પી. મઝદુર સંઘને લખેલ પત્રો રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેવામાં આવે તો અરજદાર સંસ્થાએ તા.૧૮–૯–૧૬ તથા તા.૧૩–૯–૧૭ નારોજ તે પત્રો લખેલ છે પરંતુ અરજદારે સામાવાળા યુનિયને તેઓને જે તા.૨૧–૯–૧૬ તથા તા.૨૦–૯–૨૦૧૭ નારોજ જે પત્રો લખેલ છે તેનો કોઈ જવાબ સામાવાળા યુનિયને આપેલ નથી. હકીકતમાં જો અરજદારે આર.એમ.પી. યુનિયનના હોદ્દેદારોને રક્ષિત કામદાર જાહેર કરવાનો નિર્ણય કરેલ તો અરજદારે તે સબંધી સામાવાળા યુનિયનને તે અંગે સ્પષ્ટ જવાબ આપવો જોઈતો હતો પરંતુ અરજદારે કોઈ અગમ્ય કારણોસર તે મુજબ કરેલ નથી.

અરજદાર એ હકીકતથી સારીરીતે વાકેફ હતા કે આ અરજીના શ્રમયોગી સબંધી સામાવાળા યુનિયને રેફરન્સ(આઈટી) નંબર ૫૭/૨૦૧૪ ઉપરસ્થિત કરેલ જેમાં ટ્રીબ્યુનલે સબંધિત શ્રમયોગીને આપેલ સસ્પેન્શન ઓર્ડર રદ જાહેર કરેલ હતો. સામાવાળા યુનિયન તથા સંસ્થામાં કાર્યરત અન્ય યુનિયનો ધ્વારા સંસ્થામાં કામ કરતા કામદારોના પગાર વધારા તથા અન્ય માંગણી સબંધી રેફરન્સ (આઈટી) નં.૨૧/૨૦૧૪ ઉપસ્થિત કરવામાં આવેલ એટલે કે સંસ્થામાં ૩ યુનિયન કાર્યરત છે અને રેફરન્સ (આઈટી) નં.૫૭/૨૦૧૪ ના શ્રમયોગીઓ કે જે આ કામમાં સામાવાળા છે તેઓને રક્ષિત કામદાર જાહેર કરવા સમાવાળાએ પત્ર લખેલ પરંતુ તેનો કોઈ જવાબ આપેલ નથી.

અરજદારે આંક–૧૮ ના જવાબમાં સામાવાળા યુનિયન તેમની સંસ્થામાં

રેકગ્નાઈઝ યુનિયન નથી તેમ જણાવેલ છે પરંતુ નિયમ–૬૬(૧) બી જોગવાઈ જોતાં સંસ્થામાં કાર્યરત કોઈપણ યુનિયન તેમના હોદ્દેદારોને રક્ષિત કામદાર જાહેર કરવા અરજી કરી શકે છે.

અરજદારે જવાબમાં સંસ્થામાં આર.એમ.પી. મઝદુર સંઘ રેકગ્નાઈઝ યુનિયન છે તેમ જણાવેલ છે પરંતુ નિયમ–૬૬(૧) ની જોગવાઈ અન્વયે સંસ્થામાં કાર્યરત દરેક યુનિયનને તેમના હોદ્દેદારોને રક્ષિત કામદાર જાહેર કરવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

અરજદારે જવાબમાં જણાવ્યા મુજબ જો સામાવાળા યુનિયનને તેઓ રેકગ્નાઈઝ કરેલ ન હોય અને ફકત આર.એમ.પી. યુનિયનના જ કામદારોને રક્ષિત કામદાર જાહેર કરેલ હોય તો વર્ષ ૨૦૧૬–૧૭ તથા ૨૦૧૭–૧૮ માટે સામાવાળાએ જે રક્ષિત કામદાર જાહેર કરવા પત્રો લખેલ છે તેનો જવાબ તે અંગે સામાવાળાને આપવો જોઈતો હતો જે આપેલ નથી તેમજ સંસ્થામાં જયારે ત્રણ યુનિયન કાર્યરત હોય ત્યારે એક જ યુનિયનના પાંચ હોદ્દેદારોને રક્ષિત કામદાર જાહેર કરવાને કોઈ કારણ રહેતું નથી.

અરજદાર તરફે આંક–૨૧ ના લીસ્ટથી તેઓએ સામાવાળા યુનિયનને તા.૨–૧૧–૨૦૧૫ નારોજનો લખેલ પત્ર રજુ કરવામાં આવેલ છે તેના સંદર્ભમાં સામાવાળા તરફે આંક–૨૨ થી સોગંદનામું કરી એવું જણાવવામાં આવેલ છે કે તેઓની દલીલો પૂર્ણ થયા બાદ તે પત્ર ખોટો ઉભો કરવામાં આવેલ છે તેમજ તે પત્ર સબંધી અરજદાર સંસ્થાએ આપેલ લેખિત જવાબમાં કયાંય કોઈ ઉલ્લેખ નથી કારણ કે તે અસ્તિત્વમાં ન હતો.

અરજદાર ધ્વારા સદરહુ પત્રની અસલ પ્રત તેમજ અસલ મની રસીદ તેમજ એકનોલેજમેન્ટ રજુ કરવામાં આવેલ નથી. એક સમયે માની લેવામાં

આવે કે અરજદારે ૨૦૧૫ માં સામાવાળા યુનિયનને રક્ષિત કામદાર સબંધી પત્ર લખેલ તો પણ સને ૨૦૧૬ તથા ૨૦૧૭ માં સામાવાળા યુનિયને જે રક્ષિત કામદારો જાહેર કરવા પત્રો લખેલ છે તેનો કોઈ જવાબ અરજદારે આપેલ નથી તે હકીકત છે. આંક–૧૯ થી રજુ પત્રો ધ્યાને લેવામાં આવે તો જો અરજદાર આર.એમ.પી. યુનિયનને ૨૦૧૬ તથા ૨૦૧૭ માં રક્ષિત કામદાર સબંધી પત્ર લખી જાણ કરેલ હોય તો અરજદારે સામાવાળાને પણ તેઓએ મોકલાવેલ પત્રો જે અરજદાર સંસ્થાને મળેલ છે તેનો જવાબ અવશ્ય આપેલ હોત, પરંતુ અરજદારે તેમ કરેલ નથી અને પોતાનો ખોટો બચાવ ઉપસ્થિત કરવા આંક–૧૯ ના લીસ્ટથી પત્રોની ઝેરોક્ષ રજુ કરેલ છે તે સ્પષ્ટપણે પુરવાર થાય છે.

વળી ૨૦૧૬–૧૭ તથા ૨૦૧૭–૧૮ માટે આર.એમ.પી. મઝદુર સંઘે અરજદાર સંસ્થાને લખેલ પત્રો અને સંસ્થાએ આર.એમ.પી. મઝદુર સંઘને લખેલ પત્રો ધ્યાને લેવામાં આવે તો બન્ને વર્ષના પત્રો તદ્દન એકસરખા તેમજ એક જ પ્રકારે ટાઈપ થયેલ હોવાનું અને તેના જવાબો પણ તે જ રીતના જણાઈ આવે છે.

આમ, સમગ્ર હકીકતો જોતાં સામાવાળા યુનિયને જવાબમાં રક્ષિત કામદાર સબંધી તકરાર ઉપસ્થિત કરતા અને તે અન્વયે પ્રાથમિક મુદ્દાની અરજી આપતાં સામાવાળાએ આર.એમ.પી. મઝદુર સંઘ યુનિયન સબંધીના દસ્તાવેજો પાછળથી ઉભા કરેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે.

આમ સામાવાળા યુનિયને વર્ષ ૨૦૧૬–૧૭ તથા ૨૦૧૭–૧૮ માટે તેઓના હોદ્દેદારો કે જેઓનો સમાવેશ આ અરજીમાં થાય છે તેઓને રક્ષિત કામદાર જાહેર કરવા અરજદારને રજી. એ.ડી. થી જાણ કરેલ તેમજ તેની નકલ મદદનીશ શ્રમ આયુકતને પણ મોકલેલ તેમજ નિયમ–૬૬ ની જોગવાઈ મુજબ કામદારોના નામ

તથા પુરેપુરા સરનામા તેમાં જણાવેલ અને તે રક્ષિત કામદાર જાહેર કરવાની અરજી અરજદારને મળી ગયેલ હોવાછતાં અરજદારે તેનો કોઈ જવાબ દિન–૧૫ માં સામાવાળા યુનિયનને આપેલ નથી કે સામાવાળા યુનિયને અરજીમાં જણાવેલ કામદારોને રક્ષિત કામદાર ગણવા ઈન્કાર કરેલ નથી તે સંજોગોમાં કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં તેમાં જણાવેલ કામદારો આપોઆપ રક્ષિત કામદાર ગણાય અને તેથી તેઓની નોકરીની શરતો સબંધી કોઈપણ ફેરફાર કરતા પહેલાં અરજદારે કલમ–૩૩(૩) ની જોગવાઈઓનું પાલન કરવું જરુરી બને છે. સદરહુ કલમ–૩૩(૩) માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

33 (3) Notwithstanding anything contained in sub-section-2 no employer, shall during the pendency of any proceeding in respect of an industrial dispute take any action against any protected workman concerned in such dispute.

(a) by altering to the prejudice of such protected workmen the condition of service applicable to him immediately before the commencement of such proceeding, or

(b) by discharging or punishing or whether by dismissal or otherwise, such protected workmen.

Save with the express permission in writing of the authority before which the proceeding is pending

આમ સદરહુ કલમ–૩૩(૩) ની જોગવાઈ અન્વયે કોઈપણ રક્ષિત કામદાર સબંધમાં તેની નોકરીની શરતો સબંધમાં કોઈ પગલાં લેતાં પહેલા જે તે ઓથોરીટીની પૂર્વ પરવાનગી મેળવવી જરુરી છે.

પ્રસ્તુત કેસના સબંધિત શ્રમયોગીઓ ધી આઈ.ડી. એકટ, ગુજરાત રુલ્સ–૬૬ ની જોગવાઈ અન્વયે ઉપર જણાવ્યા મુજબ રક્ષિત કામદાર હોઈ

તેઓને નોકરીમાંથી બરતરફ કરતા અગાઉ કલમ–૩૩(૩) ની જોગવાઈ અન્વયે અરજદારે અરજી કરી પૂર્વ પરવાનગી મેળવવી જોઈતી હતી જે મુજબ અરજદારે અરજી કરેલ નથી અને કલમ–૩૩ (૨)(બી) ની જોગવાઈ અન્વયે આ એપ્રુવલ અરજી કરેલ છે જે પ્રથમ દૃષ્ટ્રીએ ગેરકાયદેસર હોઈ રદ થવાને પાત્ર ઠરે છે તેવું મારું માનવું છે.

સામાવાળાએ અજદારને વર્ષ  ૨૦૧૬–૧૭ તથા ૨૦૧૭–૧૮ માટે જે શ્રમયોગીઓને રક્ષિત  કામદાર જાહેર કરવા જણાવેલ છે તેમાં આ અરજીઓ પૈકી એપ્રુવલ અરજી નં.૯૦/૨૦૧૭ ના શ્રમયોગી બસીરભાઈ હુસેનભાઈનો ઉલ્લેખ નથી તેથી સમગ્ર હકીકતો અને કેસના સંજોગો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

સામાવાળા યુનિયનની આંક–૧૬ ની પ્રાથમિક મુદ્દાની અરજી ગ્રાહ્ય રાખવામાં આવે છે.

અરજદાર સંસ્થા ધ્વારા ધી આઈ.ડી. એકટની કલમ–૩૩(૨) (બી) ની જોગવાઈ અન્વયે વિજયસિંહ હસુભા પરમાર, ચંદુભાઈ શામજીભાઈ, કુકાભાઈ રેપાભાઈ તથા જગદીશ દેહમભાઈ સબંધી એપ્રુવલ અરજી નં.૮૮/૨૦૧૭, ૮૭/૨૦૧૭, ૮૯/૨૦૧૭ તથા ૯૧/૨૦૧૭ જે અરજી કરવામાં આવેલ છે તે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ સદરહુ અરજી નામંજુર કરવામાં આવે છે.

એપ્રુવલ અરજી નં.૯૦/૨૦૧૭ વાળા શ્રમયોગી શ્રી બસીરભાઈ હુસેનભાઈનો સમાવેશ રક્ષિત કામદારમાં થતો ન હોઈ તેઓની અરજી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે અને તેની વધુ સુનાવણી તા.૧૫–૨–૧૮ નાં રોજ રાખવામાં આવે છે.

આ હુકમની નકલ એપ્રુવલ અરજી નં. ૮૮/૨૦૧૭, ૮૯/૨૦૧૭, ૯૦/૨૦૧૭ તથા ૯૧/૨૦૧૭ ના કામમાં મુકવી.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**અમદાવાદ.**
**તા. ૯–૨–૨૦૧૮**

**(રઝિયા સલીમખાન પઠાણ)**
ઔદ્યોગિક ન્યાયપંચ,ગુજરાત
અમદાવાદ
જજ કોડ GJ 00771

**SUNIL PRAJAPATI, PPS**